"ગુજરાતમિત્ર", તા. ૧૮/૫/૨૦૦૧

# સુરત મહાનગરપાલિકા

## મોજે કતારગામ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૯ (કતારગામ) તૈયાર કરવા બાબત.

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬ (૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૩૩/૨૦૦૧, તા. ૯-૫-૨૦૦૧થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૯માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ કતારગામ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૯ (કતારગામ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૧૬/૫/૨૦૦૧.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા

ઠરાવઃ- સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૯-૫-૨૦૦૧ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૩૦-૪-૨૦૦૧નાં પત્ર નં. સીમીસ/૮/૩થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૯ (કતારગામ) તૈયાર કરવા અંગે ફાઈલના પત્ર વ્યવહાર વિભાગ પાના નં. ૧૪૯ પર સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૯ (કતારગામ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસૂચન મંજુર કરવાનું, સદર અધિસૂચન બે સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે. ઠરાવ નં. ૩૩/૨૦૦૧ સર્વાનુમતે મંજુર.

નં. પીઆરઓ/૭૦/૨૦૦૧-૨૦૦૨. ગુજરાત મિત્ર તા. ૧૮/૫/૨૦૦૧
તા. ૧૭/૫/૨૦૦૧.

"ગુજરાત પ્રભા" તા. ૧૮/૫/૨૦૦૧

# સૂરત મહાનગરપાલિકા

## મોજે કતારગામ વિસ્તારની નગર રચના યોજના સૂરત નં.૪૯(કતારગામ) તૈયાર કરવા બાબત

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટાકલમ (૧) અન્વયે રચાયેલ સૂરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૭-૧-૮૪ના ઠરાવ નં.૬૨૬(૧૦) થી સૂરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સૂરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ ની જોગવાઇઓ મુજબ સૂરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિના ઠરાવ નં.૩૩/૨૦૦૧, તા.૯-૫-૨૦૦૧થી ઠરાવ્યા મુજબ નકશા નં.ટીપીએસ/૪૯માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ કતારગામ વિસ્તાર માટે નગર રચના યોજના સૂરત નં.૪૯ (કતારગામ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સૂરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ , સૂરત મહાનગરપાલિકા, મુગલીસરા, સૂરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સૂરત | કમિશનર
તા.૧૬-૫-૨૦૦૧ | સૂરત મહાનગરપાલિકા

ઠરાવ :

સૂરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૯-૫-૨૦૦૧ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો

00000

મ્યુ.કમિશનરશ્રીના તા.૩૦-૪-૨૦૦૧ના પત્ર નં.સીમીસ/૮/૩ થી વિદિત થઇ, સૂરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના સૂરત નં.૪૯ (કતારગામ) તૈયાર કરવા અંગે ફાઇલના પત્ર વ્યવહાર વિભાગ પાના નં. ૧૪૯ પર સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સૂરત નં.૪૯(કતારગામ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસૂચન મંજૂર કરવાનું, સદર અધિસૂચન બે સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમ જ મુસદો કરી સરકારશ્રીના સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૩૩/૨૦૦૧ સર્વાનુમતે મંજૂર

નં.પી.આર.ઓ./૭૦/૨૦૦૧-૨૦૦૨
તા.૧૭-૫-૨૦૦૧

તા. ૧૭/૫/૨૦૦૧ "ગુજરાત પ્રભા"